R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 18•ISSUE: 44/45 DATE: 08-11-2014•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



જીજસ કોલ પ્રેયર ટાવરના પોલ દિનાકરને તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## જન્મ-મરણના દાખલામાં સુધારા માટે કોર્ટમાં જવાની જરુર નથી : ગુજરાત હાઇકોર્ટની રાજ્ય સરકારને તાકીદ

જન્મ અને મરણના દાખલામાં સુધારો કે ફેરફાર કરવા અંગે મહેસુલી સત્તાવાળાઓ તરફથી પ્રજાને ધક્કે ચડાવવામાં આવે છે.તેની સામે ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્પષ્ટ માર્ગદર્શન અને તાકીદ કરવામાં આવી હતી કે આ દાખલાઓમાં સુધારા કરવાની સત્તા તલાટી કમ મંત્રી પાસે છે તેથી લોકોને કોર્ટનો આશરો લેવા મજબુર કરવામાં આવે નહી તેનું ધ્યાન રખાય.ગુજરાત હાઇકોર્ટે આવા કિસ્સાઓમાં કાયદાનું યોગ્ય અર્થઘટન કરીને સ્પષ્ટ ચુકાદા આપી આ માટેની સત્તા સ્થાનિક સત્તાવાળાઓને આપી છે.તેથી વારંવાર હાઇકોર્ટ સમક્ષ શા માટે આવવું પડે છે.

જસ્ટીસ અભિલાષાકુમારીએ રાજ્યના જન્મ-મરણ નોંધણી વિભાગના રજીસ્ટારને આદેશ કર્યો હતો કે દાખલામાં સુધારા અંગે પ્રસ્થાપિત કાયદા અને તેના આધારે ગુજરાત હાઇકોર્ટે આપેલા ચુકાદાઓની નોંધ લેવામાં આવે જેથી અરજદારોને વારંવાર હાઇકોર્ટની સમક્ષ આવવું પડે નહી.રજીસ્ટ્રેશન ઓફ બર્થસ એન્ડ ડેથ્સ એકટ ૧૯૬૯ના રુલ ૧૧ મુજબ તલાટી કમ મંત્રી પાસે જન્મ મરણના પ્રમાણપત્રમાં સુધારો કરવાની સત્તા છે.જેથી લોકોને ધક્કા ખવરાવવા નહી.

## નાણાંમંત્રી જેટલી વિદેશી બેંકોમાં કાળા નાણા માટે કોંગ્રેસને બદનામ કરવાનું છોડી દે

કોંગ્રેસના પ્રવક્તા અજય માકને જણાવ્યું હતું કે કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલી વિદેશી બેંકોમાં કાળા નાણાંના મુદ્દે કોંગ્રેસને બ્લેકમેલ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે બંધ કરે.કોંગ્રેસ પક્ષ તેમને બદનામ કરવાના પ્રયત્નોને સાંખી નહી લે તેની નોંધ લે.અમે તેમના કોઇ દબાણને વશ થતા નથી કે સાંખી લેતા નથી.

નાણામંત્રીએ તાજેતરમાં જણાવ્યું હતું કે સરકાર વિદેશી બેંકોમાં કાળા નાણાં બાબતે નામો એટલા માટે નથી આપતી કે તેનાથી કોંગ્રેસ બદનામ થશે.જ્યારે કોર્ટમાં આ નામો રજુ કરવામાં આવશે ત્યારે કોંગ્રેસ માટે નાજુક પરિસ્થિતિ ઉભી થશે.

માકને મોદી સરકારકાળા નાણાંના મુદ્દે રાજકીય લાભ લેવા પ્રયત્ન કરી રહી છે.કેટલાક ચોક્કસ નામો બાબતે તેઓ જણાવી રહ્યા છે.તેઓ માત્ર ૧૩૬ નામો જણાવી રહ્યા છે. શા માટે બધા નામો જાહેર કરવાની વાત કરતા નથી.કાઉન્સીલ ઓફ મીનીસ્ટરની સાથે ડીનર વખતે વડાપ્રધાને પણ આવી જ વાત કરી હતી કે સરકાર કેટલાક ખાસ લોકોના નામ જાહેર કરશે.

યુનીયન દેશોની સરકારે તેમના દેશોની બેંકમાં કાળુ નાણું જમા કરાવનાર લોકોની એક યાદી ભારતને



આપી હતી.આ યાદીમાં પહેલાં ૮૦૦ લોકોના નામ હતા. જેમાંથી સરકારે ૧૩૬ લોકોના નામ અલગ તારવ્યા છે.જેનો ખુલાસો કરવા જઇ રહી છે.આ લીસ્ટ બંધ કવરમાં સુપ્રીમ કોર્ટને સુપરત કરાયા બાદ કોર્ટ નિર્ણય લેશે કે આ નામો કેવી રીતે જાહેર કરવા અને કોની પાસેથી કેટલો ટેક્ષ વસુલ કરવો.જો ખરેખર ૮૦૦ લોકોના નામો કાળા નાણાંની યાદીમાં છે તો માત્ર ૧૩૬ લોકોના નામો જ સુપ્રીમ કોર્ટને આપવાની વાત સરકારે કહી છે. તેમાં કોઇ ગરબડ લાગે છે. બાકીના બધા નામોને શા માટે છુપાવવામાં આવી રહ્યા છે. જો ૧૩૬ની યાદીમાં કોંગ્રેસ તરફી લોકો હોય તો બાકીના લીસ્ટમાં સરકારના મળતીયા હોવાનું પણ સંભવ છે જેનો કદાચ સરકાર બચાવ કરવા માંગતી હોય.અને એક બાજુ કોંગ્રેસને ધમકી આપવામાં આવી રહી છે તેનું કારણ લીસ્ટના બાકીના લોકોને બચાવવાનું હોઇ શકે છે.કોંગ્રેસે તેમના કોઇ પણ મંત્રીનું નામ આ યાદીમાં હોય તો તેને સામનો કરવાની તૈયારી કરી લીધી છે.

લોકસભાની ચુંટણી વખતે ભાજપે તેના ચુંટણી ઢંઢેરામાં વિદેશી બેંકોમાં જમા કાળા નાણાંને દેશમાં પરત લાવવાની વાત કહી હતી. પરંતુ હવે સરકારે સુપ્રીમ કોર્ટમાં જે બાબત રજુ કરી છે તે વિરોધાભાસ પેદા કરે છે.કોંગ્રેસ તથા અન્ય વિરોધ પક્ષો મોદી સરકારની આ મુદ્દે બે મોઢાની વાત જણાવે છે.

## હરિયાણામાં સહુ પ્રથમ વાર ભાજપાના મુખ્યમંત્રી બનશે

મનોહરલાલ ખટ્ટર,સંઘના પ્રચારક તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિકટના ગણાતા તેમજ સ્વચ્છ પ્રતિભા ધરાવતા, તેમજ હરિયાણાના મુખ્યમંત્રી બનનારા સહુ પ્રથમ પંજાબી વ્યક્તિ તેઓ બનશે.તેઓ સંઘના પ્રચારક હોવાને નાતે અપરિણિત રહ્યા છે.હરિયાણામાં આ વર્ષે થયેલી લોકસભાની ચુંટણીમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો.તેમજ ભાજપાને સફળતા અપાવવામાં મહત્વની ભુમિકા ભજવી હતી.ખટ્ટર કર્નાલ ખાતેથી વિધાનસભામાં ચુંટાઇ આવ્યા હતા, જ્યાં સહુ પ્રથમ જાહેરસભા મોદીએ સંબોધી હતી.વડાપ્રધાન સાથે તેઓએ ૧૯૯૬થી કામ કરવાનું શરુ કર્યુ હતું.પરંતુ તેમને શાસન કરવાનો કોઇ અનુભવ નથી.માત્ર તેઓ અત્યાર સુધી સંગઠનની જવાબદારીઓનું વહન કરતા રહ્યા છે.જો કે હરિયાણામાં સહુ પ્રથમ વાર જાટ નેતા મુખ્યમંત્રી તરીકે નથી.ખટ્ટર પંજાબી છે.તેઓ કાપડના વેપારીમાંથી મુખ્યમંત્રી પદે પહોંચ્યા છે.

## શિવસેનાને મહારાષ્ટ્રમાં સત્તામાં ભાગીદારી જોઇએ છે

મહારાષ્ટ્રમાં ભાજપા સહુથી મોટા પક્ષ તરીકે ચુંટાઇ આવ્યો છે.શિવસેના-ભાજપનું ગઠબંધન તુટી ગયું હતું પરંતુ હવે શિવસેનાને સત્તામાં ભાગીદારી જોઇએ છે તેથી તેઓ અધીરા બની ગયા છે.ભાજપના નેતાઓ સાથે વાતચીત કરીને પોતાનું અક્કડ વલણ છોડીને સમાધાન માટે તૈયાર બન્યા છે.જો સત્તામાં ભાગીદારી ના મળે તો તેમનો પક્ષ હાંસીયામાં ધકેલાઇ જવાની તેમની ભીતિ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દિપાવલીના તહેવારો બાદ કેન્દ્ર સરકારમાં નવા મંત્રીઓને સમાવવાની ચહેલ પહેલ દેખાઇ રહી છે એજ રીતે ગુજરાતમાં પણ કેટલાક અસતુંષ્ટોને મંત્રીપદ અપાશે તેવું દેખાઇ રહ્યું છે.કેન્દ્રમાં વડાપ્રધાન મોદીએ શિવસેનાને કેન્દ્ર સરકારમાં મંત્રીપદ માટે બે નામો સુચવવાની ઓફર કરી છે. શિવસેના તેના માટે ઉમેદવારોના નામ નક્કી કરવામાં પડી ગઇ છે.તેમને ગમે તે રીતે સત્તામાં ભાગીદારી જોઇએ છીએ. પરંતુ તેઓ લોકસભાની ચુંટણીઓ વખતે એનડીએમાં સાથી પક્ષ તરીકે હતા તેથી તેમને કેન્દ્ર સરકારમાં મંત્રીપદ માટે જોડાવાનું કહીને મહારાષ્ટ્રમાંથી કદાચ છેદ ઉડાડી દેવાય તો નવાઇ નહી.વિધાનસભાની ચુંટણી મહારાષ્ટ્રમાં ભાજપા એકલો લડ્યો હતો અને બહુમતી મેળવી હતી.આ વખતે શિવસેના વિરોધમાં હતી તેથી તેને સત્તામાં ભાગીદાર બનાવવા માટે ભાજપમાં પણ અસંતોષ દેખાઇ રહ્યો છે.જો મહારાષ્ટ્રમાં તેમની બાદબાકી કરી નાંખવામાં આવે તો ઘણા મોટા પાયે શિવસેનાને નુકશાન થવાનો સંભવ છે.જેથી શિવસેના કેન્દ્રમાં સત્તામાં બેસવા પોતાના ઉમેદવારો મુકશે અને પછી વિધાનસભામાં તેઓ તેમનું પોત પ્રકાશીને ભાગ માંગશે તેવી ચાલ છે.બેઉ પક્ષો પોત પોતાની ચાલ ચાલી રહ્યા છે. પરંતુ ભાજપનું પલડું ભારે છે. શિવસેના છેક તળીયે પહોચી જશે જો એકાદ પગલું ખોટું ભરશે તો મહારાષ્ટ્રમાંથી તેઓ રાજકીય રીતે ખલાસ થઇ જશે.આમેય શિવસેના મસલ્સ પાવરના કારણે મહારાષ્ટ્રમાં જોરમાં હતી.ત્યારે હવે તેમની સામે તેમના જ માનીતા લોકો વિરોધ કરશે તેથી તેમની પડતી નક્કી છે.

રાજ ઠાકરેની નાગાઇને લોકોએ જાકારો આપી દીધો છે. ચુંટણી પહેલા એવું દેખાતું હતું કે કદાચ શિવસેના માર ખાશે અને રાજ ઠાકરે વધુ સીટો મેળવી જાય પરંતુ એનાથી ઉલ્ટુ થયું અને રાજ ઠાકરેનું પોલીટીકલ અસ્તિત્વ જોખમમાં આવી ગયું.ખેર,તેમનું અસ્તીત્વ મહારાષ્ટ્રમાં તેમના બાવડાના બળને કારણે દેખાતું હતું પરંતુ લોકોએ તેમને બરોબરનો પાઠ ભણાવી દીધો છે. શિવસેના જો હજુ એજ રસ્તે ચાલે છે.તેમણે રાજકીય અસ્તીત્વ ભુંસી નાખવું હોય તો બ્રધર જેવી ચાલ ચાલવી પડશે.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર, શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ | શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ |
| આલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ |
| શ્રી હેલ્ફર્સ એલેન્દી, વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧ | શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |
| | શ્રી પાઉલભાઇ એ. પરમાર, ૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨ |


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## જાહેર ખબરના ભાવ

| | | | |
| --- | --- | --- | --- |
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# વિદેશી બેંકોમાં સંગ્રાહાયેલ ભારતીયોનું કાળુ નાણુ પાછુ લાવવા માટે સરકારે લાચારી દર્શાવી

કેન્દ્ર સરકારે વિદેશોમાં કાળા નાંણા ધરાવતા ભારતીયોના નામ જાહેર કરવાના મામલે અસમર્થતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી એક અરજીમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે સરકાર ભારતે ડબલ ડેકસેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ સંધિ કરી છે.તેવા દેશો પાસેથી કાળા નાંણાની માહિતી જાહેર કરી શકાય તેમ નથી. આ સંધિ ધરાવતા દેશોમાં બેંક ખાતા ધરાવતા ભારતીયોની વિગતો જાહેર કરવામાં સરકારે અક્ષમતા જાહેર કરી હતી.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે જો ભારત સરકાર દ્વારા વિદેશોમાંથી મળેલી માહિતી જાહેર કરી દેવાશો તો કોઇ દેશ ભારત સાથે આ પ્રકારની સંધિ કરવા તૈયાર થશે નહી.જે લોકો સામે કેસ દાખલ થયો નથી તેવા વિદેશોમાં બેંક ખાતા ધરાવતા લોકોના નામ સરકાર જાહેર કરી શકતી નથી.નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યું હતું કે કોગ્રેસે ભુતકાળમાં કરેલા કરારને કારણે નામ જાહેર કરવામાં કાયદાકીય ગુંચવણ ઉભી થઇ છે

જ્યારે અરજકર્તા અને સિનિયર એડવોકેટ રામ જેઠમલાણીએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકાર વિદેશોમાં કાળુ નાણું જમા કરનાર ભારતીયોને છાવરવાનો પ્રયાસ કરી રહી છે.સરકાર વિદેશોમાં કાળું નાણું એકઠુ કરનારાઓને રક્ષણ પુરુ પાડી રહી છે.૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં ભાજપે કાળા નાંણાનો મુદ્દો ચગાવ્યો હતો. તેમજ તેમના મેનીફીસ્ટોમાં માત્ર ૧૦૦ દિવસનમાં કાળુ નાણં પરત લાવી દઇશં તેવું કહ્યું હતું.પરંતુ યુપીએ સરકારની જેમ જ વિદેશો સાથેના કરારના ગાણાં ગાઇને કાળું નાણું પરત લાવવા માટે કોઇ પ્રયાસ કરતી નથી.જો કે મોદી સરકારે પહેલા જ દિવસે કાળા નાણાં માટે સીટની રચના કરી હતી.અને ભાજપે તેના રીપોર્ટમાં અંદાજ આપ્યો હતો કે વિદેશોમાં ભારતીયોના ૩૦ થી ૮૪ લાખ કરોડ રુપીયાના કાળા નાણાં જમા પડ્યા છે.અનેક રેલીઓને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે કોગ્રેસ વિદેશોમાં પડેલું કાળુ નાણું પરત લાવવા ઇચ્છતી નથી.દેશને લુટનારા અને વિનાસ કરનારા રમત રમી રહ્યા છે.અમારી સરકાર સત્તા પર આવ્યા બાદ દેશને લુંટનારાએ જનતાને જવાબ આપવો પડશે.તેમજ તેઓની સામે પગલાં લેવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.પરંતુ આ બધું માત્ર ચુંટણીઓ જીતવા માટેનું નાટક હતું એવું હાલ પુરતું લાગે છે.

# ટ્રેનમાં પોલીસની મદદ લેવા માટે ખાસ હેલ્પ લાઇનની સુવિધા શરુ

વેસ્ટર્ન રેલ્વે દ્વારા મુસાફરોની સુરક્ષા માટે એક ખાસ પ્રકારની હેલ્પ લાઇનની સુવિધા શરુ કરવામાં આવી છે.ચાલુ ટ્રેને મહિલા મુસાફરો સાથે છેડતી અને માલ-સામાનની ચોરીના બનાવોને અટકાવવા માટે આ વિશેષ હેલ્પ લાઇન શરુ કરવામાં આવી છે.હવે મુસાફરો પોતાના મોબાઇલ પરથી ૧૩૨૨ નંબર ડાયલ કરી ચાલુ ટ્રેને રેલ્વે દેશના કોઇ પણ રેલ્વે સ્ટેશન પર રેલવે પોલીસની મદદ મેળવી શકશે.રેલ્વે દ્વારા હેલ્પ લાઇન શરુ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પણ હેલ્પ લાઇનની શરુઆત થઇ ચુકી છે.આગામી જાન્યુઆરી મહિનાથી આ હેલ્પ લાઇન નંબર રીઝર્વેશન ટિકિટની પાછળ ફરજીયાત છાપવા માટે રેલ્વે તરફથી ડીઆરએમને આદેશ કરાયો છે.

ભારતીય રેલ્વે મારફતે દરરોજ આશરે ૧૭૫૦૦ ટ્રેનમાં લગભગ આઠી કરોડ યાત્રીઓ મુસાફરી કરે છે.અત્યાર સુધી ચાલુ ટ્રેનમાં મુસાફરને કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડે તો તેણે આગળ આવતાં સ્ટેશનની રાહ જોવી પડતી હતી.પરંતુ હવે આ હેલ્પ લાઇનની મદદથી મુસાફરો ચાલુ ટ્રેનમાં જ દિલ્હી સ્થિત રેલ્વે બોર્ડના કોલ સેન્ટર પર ફરિયાદ નોધાવી શકશે.મુસાફરોએ કોલ સેન્ટરમાં કોલ કરીને ટ્રેનનું નામ અને નંબર ,કોચ નંબર , સીટ નંબર અને લાસ્ટ એન્ડ નેકસ્ટ સ્ટેશનનું લોકેશન આપવાનું રહેશે.ત્યારબાદ કોલ સેન્ટર દ્વારા જે તે સબંધિત રેલ્વે પોલીસને જાણ કરાશે અને તે ટ્રેન સ્ટેશન પર પહોચે તે પહેલાં રેલવે પોલીસ મુસાફરની મદદ માટે આવી જશે.જો કે ગુન્ડાઓ કરતાં વધુ ત્રાસ તો ડેઇલી પાસ ધરાવતા મુસાફરો દ્વારા આમ જનતા પર કરવામાં આવે છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૯૬

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## રાષ્ટ્રીય એકતા દિવસે
## અખંડ ભારતના શિલ્પીને અનોખી ભાવાંજલી
## સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વ
## વિરાટ પ્રતિમાનું થશે નિર્માણ

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સુતરના બારીક તાર જુદા જુદા હોય છે.પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઇ, તાણા-વાણામાં વણાઇને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબુતી, સુંદરતા અને ઉપયોગીતા અદભુત બની જાય છે.

- લોહપુરુષ સરદાર પટેલ

# રાષ્ટ્રીય એકતા દિવસ શપથ

હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે, હું રાષ્ટ્રની એકતા,અખંડતા અને સુરક્ષાને જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ અને મારા દેશવાસીઓને આ સંદેશ પહોચાડવા માટે પણ પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશમાં એકતાની ભાવના સાથે લઇ રહ્યો છું, જે સરદાર વલ્લભભાઇ પટેલની દુરદર્ષ્ટિ અને કાર્યો દ્વારા સંભવિત બની શક્યું છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા નિશ્ચિત કરવા માટે મારા તરફથી યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે સંકલ્પ કરુ છું.

# દોડસે ભારત, જોડાશે ભારત

## રન ફોર યુનીટી કાર્યક્રમ

ગામેગામ દોડશે ગુજરાત, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત,આવો, આપણે દોડીએ અને રાષ્ટ્રીય એકતાના શપથ લઇએ.

## એક ભારત, શ્રેષ્ઠ ભારત.

# ગુમશુદા બાળકોની તપાસ બાબતે સુપ્રીમ કોર્ટે સરકારને તપાસનું નાટક બંધ કરવા ટકોર કરી

દેશની સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગુમ થયેલા બાળકોની તપાસ અંગે ચીલા ચાલુ જવાબો આપી,કાગળ પર તપાસ કરવાનું નાટક બંધ કરવાની ટકોર કરી હતી.સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તિ એચ.એલ.દત્તુ,ન્યાયમુર્તિ મદન બી.લોકુર અને ન્યાયમુર્તિ એ.કે.સીકરીની ખંડપીઠે બિહાર અને છત્તીસગઢના મુખ્ય સચિવો અને પોલીસ મહા નિર્દેશકોને ૩૦ ઓક્ટો.હાજર થવાનુ ફરમાન કર્યું છે.આ સાથે અન્ય રાજ્યોના બે ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ પાસેથી પણ ગુમ બાળકોની તપાસના નિર્દેશ અંગની કામગીરીનો જવાબ માંગવાનો ખંડપીઠે સંકેત આપ્યો હતો.ખંડપીઠે કહ્યુ હતું કે બાળકોના ગુમ થવાના કિસ્સાઓમાં યાંત્રિક જવાબ આપવાનું તથા વાસ્તવિક તપાસ ન કરવાનું નાટક બંધ થવું જોઈએ.કોર્ટે કહ્યું હતું કે તેઓ બાળકો ગુમ થવાના કિસ્સામાં હવે રાજ્યના ડીજીપી અને મુખ્ય સચિવ પાસેથી જવાબ માંગશે. ખંડપીઠે બિહાર અને છત્તીસગઢના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને ગુમ થયેલા બાળકો શોધવા માટે વર્ષ ૨૦૧૩માં અપાયેલ નિર્દેશોનું પાલન શા માટે ન કરાયું તેના કારણો આપવા આદેશ કર્યો હતો.અદાલતે સ્કુલના બાળકોમાં કેફી દ્રવ્યોના વધી રહેલા ચલણ અંગે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટી તંત્રને ૩૦મી પહેલા જવાબ આપવા તાકીદ સાથે નોટીસ ફટકારી છે.

બચપન બચાવો આંદોલન, એનજીઓ ચલાવતા કૈલાસ સત્યાર્થીને બાળહક્કો માટે કામ કરવા માટે નોબલ શાંતિ પુરસ્કા મળ્યો ત્યારે આખા દેશે તેમની કામગીરીના વખાણ કર્યા.પરંતુ વાસ્તવમાં તેઓ જે કામ કરે છે તેબાબતમાં કેન્દ્ર તથા તમામ રાજ્યોની સરકારો અને વિશેષ તો પોલીસતંત્ર કેટલા ગંભીર છે તે તેઓની સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીના સંદર્ભમાં જોઈ શકાય છે.રાજ્યોના ચીફ સેક્રેટરીઓ અને પોલીસવડાઓ સુપ્રીમકોર્ટમાં હાજર થવાનુ ટાળે છે.રાજ્ય સરકારો દ્વારા જે કોઈ આંકડા અપાય છે તે પણ ઠેકાણા વગરના હોય છે.સુપ્રીમ કોર્ટ જે કેસનું ખરેખર મોનીટરીંગ કરી રહી હોય અને રાજ્ય સરકારો આ બાબતે બેદરકારી દાખવે તો ખરેખર અમલની બાબતમાં શું હાલથ થાય.દેશમાં દર છ મિનિટે એક બાળક ગુમ થાય છે.દર વર્ષે આ આંકડો ૧ લાખથી ઉપર જાય છે.પરંતુ સત્તાધીશોના પેટનું પાણી હાલતું નથી.બિહાર, ઓરિસ્સા, ઝારખંડ વગેરે રાજ્યોમાંથી બાળકો ગુમ થવા પાછળ ચાઈલ્ડ ટ્રાફિકીંગ જવાબદાર છે.આ રાજયોમાં પછાત અને આદિવાસી બાળકો વધુ ગુમ થાય છે.જેમને શહેરોમાં બાળ મજુરીમાં ધકેલી દેવાય છે.કન્યાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાય છે.પોલીસ પાસે અન્ય ગુનાઓના એટલા બધા ભારણ છે કે તેઓ ગુમ થયેલા બાળકોની તપાસ માટે ધ્યાન આપતી નથી.ખોવાયેલ બાળકને પોલીસ શોધી આપે તો માંબાપ નસીબદાર કહેવાય.અદાલતોએ આપેલા આદેશોને પોલીસ અમલમાં મુકતી નથી.પરંતુ નોબલ પ્રાઈઝ મળ્યા બાદ હવે સત્યાર્થીની ઝુંબેશમાં ગતિ આવે અને ખોવાયેલ બાળકોના માતપિતાને પોતાનું બાળક પાછુ મળે તેવું થાય તો લેખે લાગશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


# વિદેશી બેંકોમાં કાળા નાણાના મુદ્દે નાણામંત્રીએ મીડીયાને દોષિત ઠેરવ્યુ

સમાચાર ચેનલ સાથેની એક મુલાકાતમાં કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ જણાવ્યું હતું કે ભારતીય સત્તાવાળાઓ દ્વારા જેમની સામે આરોપ ઘડાયા છે તેવા વિદેશી બેકોના ખાતાઓમાં કાળુ નાણું ધરાવનાર લોકોના નામ ટુંક સમયમાં અદાલતમાં જાહેર કરાશે.

તેમણે કહ્યું હતું કે ટેક્સ એવોઈડન્સ ટ્રીટી અમને નામ જાહેર કરતાં અટકાવતી નથી.તેમાં ફક્ત એવી જોગવાઈ છે કે મીડીયામાં નહીં પરંતુ અદાલતમાં નામ જાહેર કરો.તમે જ્યારે અદાલતમાં તે નામ જાહેર કરો છો ત્યારે આપોઆપ મીડીયામાં પણ આવી જાય છે.

તેમણે ઉમેર્યું હતું કે આ કેસનું સંપુર્ણપણે ગેરમાર્ગે દોરતું રિપોર્ટીંગ મીડીયાએ કર્યું છે.મીડીયાએ એવા અહેવાલો જારી કર્યા હતા કે નામ જાહેર કરવાના નથી.અમે એમ પણ કહ્યું હતું કે કાયદાની પ્રક્રિયામાં અમે નામ જાહેર કરીશું. તેમણે પોતાના આરોપને પુનઃદોહરાવતા જણાવ્યું હતું કે જર્મની સાથે થયેલી સંધિના કારણે અમે મીડીયામાં નામ જાહેર કરી શકતા નથી. પરંતુ અદાલતમાં તેમ કરતાં અમને કોઈ અટકાવી શકતું નથી.

જો સરકાર વિદેશના બેંક ખાતાઓમાં કાળુ નાણું ધરાવતા લોકોના નામ જાહેર કરશે તો કોંગ્રેસ મુશ્કેલીમાં મુકાઈ જશે.હું તમને ખાત્રી આપું છું કે ટુંક સમયમાં કાળું નાણું ધરાવતા લોકોના નામ જાહેર કરવામાં આવશે ત્યારે ભાજપને શરમજનક સ્થિતિમાં મુકાવું પડશે નહી.


## જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# શિકાગો ચર્ચે તેના દરેક સભ્યને કંઇક સારુ કરવા માટે ૫૦૦ ડોલર આપ્યા

લાસેલી ચર્ચ,શિકાગોએ તેના ૩૨૦ સભ્યોને ૫૦૦ ડોલર આપ્યા અને કહ્યં કે આ નાણાંથી તેઓ તેમની ઈચ્છા મુજબ કંઈક સારુ કાર્ય કરે.આ નાણા દ્વારા તેઓ ઈશ્વરના રાજ્યની વૃધ્ધિ માટે કાર્ય કરે.આ ઉપરાંત દરેક સભ્યને આ બાબત માટે પ્રાર્થના કરવા માટે વિનંતી કરવામાં આવી હતી.

સીનીયર પાસ્ટર લૌરા ટુક્સ ઓફ લાસેલી ચર્ચે જણાવ્યુ હતું કે તેણી જ્યારે ચર્ચના તમામ સભ્યોને આ બાબતે જણાવવાની હતી ત્યારે તેઓ મુંઝવણ અનુભવતા હતા.જો તેઓ તેમના સભ્યોને ઉપરોકત બાબત કહેશે પછી શું થશે તે બાબતે તેઓ ચિંતામાં હતા.પરંતુ આ જાણ્યા બાદ કેટલાક લોકો રડ્યા અને કેટલાક લોકોને તે સારુ લાગ્યું.કારણકે આ બાબતની જાહેરાત બાદ ખુબજ કોલાહલ થયો હતો.આ સમય દરમિયાન,હું ખુબજ ચિંતાતુર હતી અને માનતી હતી કે લોકો એવું માનશે કે હું મુર્ખ છું અને આવી મુર્ખતા અને શરમાવે તેવી બાબત તેમની સમક્ષ મુકુ છું.તમે ૧,૬૦,૦૦ ડોલર વ્યર્થ વેડફી રહ્યા છો તેવો અહેસાસ કરાવશે.તેથી હુ ખુબજ નર્વસ હતી.પરંતુ હું માનતી હતી આ જગ્યા એક એવી જગ્યા છે જ્યાં વિશ્વાસને મહત્વ આપવામાં આવે છે.તેવું તેણીએ જણાવ્યું હતું.

આ નાણાં ખાસ એક સારા મકસદ માટે વાપરવાનાં હતા.પરંતુ ટુઝે કહ્યું કે તેણી હતાશ ન થાત જો કોઈ સભ્યો આ નાણાંનો ઉપયોગ તંબુ બનાવવા ઉપયોગ કરે.કારણકે લાસેલીનુ સભ્યપદ આર્થિક રીતે તવંગરથી ગરીબ સુધીનું છે.ચર્ચ પાસે આ નાણાં કે જે એક લાખ સાઈઠ હજાર ડોલર હતા જેને વાપરવાનો વિચાર કરવામાં આવ્યો હતો તે નાણાં એક રીયલ એસ્ટેટના સોદામાંથી થયેલ વળતરમાંથી આવ્યા હતા.લાસેલી ચર્ચ અને બીજા બે શિકાગોના ચર્ચોએ ૧૯૭૦માં હાઉસીંગ ડેવલપમેન્ટ માટેના પ્રોજેકટને મદદ કરવા માટે જે નાણાં રોક્યા હતા તેમાથી થયેલ નફા રુપે આ નાણાં મળ્યા હતા.હાલના જુન માસમાં આ રીયલ એસ્ટેટનું વેચાણ કરવામાં આવ્યું હતું.લાસેલી ચર્ચને એક લાખ અને સાઈઠ હજાર ડોલર તેના રોકાણમાંથી ૧૦ ટકા વળતર પેટે મળ્યા હતા.ચર્ચ વધુ નાણાં મળશે તો ભવિષ્યમાં તેનો કેવો ઉપયોગ કરવો તે માટે વિચારશે.

# વડાપ્રધાન મોદી કાશ્મીરના પુર પીડીતો સાથે દિવાળીનો તહેવાર ઉજવ્યો

જમ્મુ કાશ્મીરના પુર પીડીતો સાથે વડા પ્રધાને દીપાવલી તેહવારો ઉજવવા માટેની વાત એક ભાષણમાં કરી હતી.તે પ્રમાણે તેઓએ દિવાળીનો તહેવાર કાશ્મીરમાં ઉજવ્યો હતો.દીપાવલી ઉજવણી દરમિયાન ત્યાના લોકો જેઓ પુર પ્રકોપથી પીડીત છે તેમના માટે પેકેજની જાહેરાત પણ કરી હતી. આ ઉપરાંત આવનાર દિવસોમાં જમ્મુ કાશ્મીરની ચુંટણીઓમાં ભાજપ માટે આ યોગ્ય તક છે તેનો ઉપયોગ તેઓ કરી લેશે.જો કે પીડીપીના સહયોગથી કાશ્મીરમાં ભાજપા માટે સારુ ચિત્ર દેખાઈ રહ્યું છે. કોગ્રેસ અને નેશનલ પાર્ટીનો રકાસ દેખાઈ રહ્યો છે.



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.